**અગત્યનું / તાત્કાલિક**

**ક્રમાંક:-** હિસાબી-૩/ઉ.ના.સ./૨૦૧૯/ ૫૭૯૯

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
બનાસકાંઠા જિલ્લો પાલનપુર
તા. ૧૮/૧૨/૨૦૧૯

**પ્રતિ,**
આચાર્યશ્રી,
બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા.શાળાઓ,
તમામ, **જિલ્લો: બનાસકાંઠા**

**વિષય :** ઉચ્ચક નાણાકીય સહાય અંગેના કેસોના નિકાલ બાબત
**સંદર્ભ:** નાયબ શિક્ષણ નિયામક (માધ્યમિક), નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક : ઘ/અનદ-૩/ઉ.ના.સ./કેમ્પ/૨૦૧૯/૩૫૫૯૭-૩૫૬૨૪ તા. ૧૮/૧૨/૨૦૧૯

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આપની શાળાના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ કે જે ચાલુ ફરજ દરમ્યાન અવસાન પામેલ છે તેમના આશ્રિત કૂટુંબને ઉચ્ચક નાણાકીય સહાય મંજુર કરવાની દરખાસ્ત આપશ્રી દ્વારા અત્રેની કચેરીએ રજુ કરવામાં આવે છે જેમાં જુના કેસોમાં વડી કચેરીએથી પૂર્તતા પત્ર પાઠવામાં આવેલ છે અને અત્રેની કચેરીએથી વાંધાની પૂર્તતા કરવા જણાવવામાં આવેલ પરંતુ આજ દિન સુધી પૂર્તતા મળેલ નથી જેથી આ પ્રકારના કેસો પડતર રહેવા પામેલ છે.

આપની શાળાના શાળાના સ્વ. કર્મચારીના અવસાનના ૧૦ વર્ષ ઉપરાંતનો સમયગાળો વીતી ચૂકેલ હોય તેવા સામાન્ય વહીવટના વિભાગના તા. ૦૫/૦૭/૨૦૧૧ અગાઉ અવસાન પામેલ કર્મચારીઓના કેસમાં જો નિર્ણય થઇ ગયેલ હોય અને પડતર ગણવાનો ન થતો હોય તેવા કેસો તથા જે કેસો પડતર ગણવાના થતા હોય તેવા કેસોની દરખાસ્ત અત્રેની કચેરીએ તાત્કાલિક તા. ૨૦/૧૨/૨૦૧૯ ના રોજ રજુ કરવા જણાવવામાં આવે છે. આ બાબતને ગંભીરતાથી લઇને દરખાસ્ત મોકલવાની રહશે. જો ઉપરોક્ત દિવસે દરખાસ્ત મોકલવામાં નહિ આવે અને આશ્રિતને ઉચ્ચક નાણાકીય સહાય બાબતે જે કાંઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની જવાબદારી આપશ્રીની રહેશે તેની ખાસ નોંધ લેશો.

**જિલ્લા શિક્ષણાધિકારી**
**બનાસકાંઠા જિલ્લો પાલનપુર**

**બિડાણ :** સંદર્ભદર્શિત પત્રની નકલ

Scanned by CamScanner

ક્રમાંક: ઘ/અનદ-૩/ઉ.ના.સ./કેમ્પ/૨૦૧૯/35597-35624

નિયામકશ્રી, શાળાઓની કચેરી,
બ્લોક નં- ૦૯, પ્રથમ માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર
તા. ૧૮/૧૨/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
અમદાવાદ(શહેર), અમદાવાદ ગ્રામ્ય, ગાંધીનગર, તાપી, વલસાડ, નવસારી, બનાસકાંઠા, પાટણ, સુરત, મહેસાણા, ભરૂચ, દાહોદ, કચ્છ, આણંદ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર, જામનગર, મોરબી, ગીર સોમનાથ, રાજકોટ, ડાંગ, નર્મદા, બોટાદ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર

વિષય: ઉચ્ચક નાણાંકીય સહાય અંગેના કેસોનો નિકાલ કરવા બાબત

સંદર્ભ: અત્રેના પત્ર ક્રમાંક: ઘ/અનદ-૩/ઉ.સહાય/૨૦૧૯/૩૦૮૧૧-૪૫, તા. ૨૪/૧૦/૨૦૧૯

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, આપના જિલ્લા હેઠળની બિનસરકારી અનુદાનિત શાળાઓના વર્ગ-૩ અને ૪ ના કર્મચારીઓ કે જે ચાલુ ફરજ દરમ્યાન અવસાન પામેલ છે તેમના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાંકીય સહાય મંજુર કરવા અંગેની દરખાસ્ત આપના દ્વારા અત્રેની કચેરી ખાતે રજુ કરવામાં આવેલ છે. જે અંગે અત્રેની કચેરીના પૂર્તતા અંગેના પત્ર પાઠવેલ છે પરંતુ જૂના કેસોમાં આજદિન સુધી પૂર્તતા મળેલ નથી જેથી આ પ્રકારના કેસો પડતર રહેવા પામેલ છે.

આપના જિલ્લાના આ પ્રકારના કેસોની ચકાસણી કરતા સ્વ. કર્મચારીના અવસાનના ૧૦ વર્ષ ઉપરાંતનો સમયગાળો વીતી ચૂકેલ હોવા છતા આ કેસો અંગે કોઈ નિર્ણય થઈ શકેલ નથી. અનુભવે જણાયું છે કે અત્રેની કચેરીના વાંધા-પૂર્તતાના પત્ર બાદ ૦૧ વર્ષના સમયગાળા વીતી ચૂકેલ હોવા છતા પણ આપના દ્વારા પૂર્તતા કરવામાં આવતી નથી. જે વહીવટી રીતે ખૂબ જ ગંભીર બાબત ગણાય.

વધુમાં, સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૫/૦૭/૨૦૧૧ અગાઉ અવસાન પામેલ કર્મચારીઓના કેસમાં જો નિર્ણય થઈ ગયેલ હોય અને પડતર ગણવાનો ન થતો હોય તો તેના આધારો સાથેની દરખાસ્ત અત્રેની કચેરી ખાતે કરી નિકાલ કરાવવાનો રહેશે અને જે કેસો પડતર ગણવાના થતા હોય તેવા કેસોમાં પડતર ગણવા અંગેના તમામ આધારો અને આપના સ્પષ્ટ અભિપ્રાય સાથેની દરખાસ્ત અત્રેની કચેરી ખાતે નીચે જણાવેલ તારીખે રૂબરૂ હાજર રહી કરવાની રહેશે.

આમ, આપના જિલ્લાના તાબા હેઠળની બિન સરકારી અનુદાનિત શાળાઓના સ્વ. કર્મચારીના અવસાનના ૧૦ વર્ષ ઉપરાંતનો સમયગાળો વીતી ચૂકેલ હોય અને પડતર રહેલ હોય તેવા કેસો અને અત્રેની કચેરી ખાતેથી પૂર્તતા અંગેના પત્ર પાઠવ્યા હોય તેવા તમામ કેસો <u>તા. ૨૪/૧૨/૨૦૧૯</u> ના રોજ અત્રે રૂબરૂ હાજર રહી નિકાલ કરવા અંગેની કાર્યવાહી કરવા કેમ્પનું આયોજન કરેલ છે જેમાં ફરજિયાત હાજર રહેવા જણાવવામાં આવે છે. જો આ કેમ્પમાં આપ ઉપસ્થિત નહી રહો તો આ અંગેની તમામ જવાબદારી આપની અંગત રહેશે અને આગળની કરવાપાત્ર કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

નોંધ પર મળેલ માન. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રીના આદેશાનુસાર.

નાયબ શિક્ષણ નિયામક,
માધ્યમિક,
ગુ.રા., ગાંધીનગર

Scanned by CamScanner